જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૧/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૧ કેસ કરી, ૧૦૪ વ્યક્તિઓને ઝડપી, ૨૧૮ લીટર દેશી દારૂ, ૬૭ બોટલ ઈંગ્લીશ, ૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ રિક્ષા, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૦૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૦૭/૨૦૨૬**

શાહપુરઃ રોનક સ/ઓ રજનીકાંત શાહ (રહે. સ્મિતા ટાવર ગુરુકુળ રોડ મેમનગર) એ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૨/૨૦૨૫ કલાક ૨/૪૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળના ભાગે આવેલ ખુલ્લી છત વાળા ભાગની દિવાલ કુદી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૯,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રાવલ ચલાવે છે.

ટ્રેઇનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૦૮/૨૦૨૬**

સરખેજઃ સત્યમભાઈ નાનજીભાઈ ડાભી (ઉ.વ.૨૩)(રહે.મોમાઈવાળી શેરી ગામ–નેસડા તા–શીહોર જી–ભાવનગર) તા.૦૧/૦૧/૨૦૨૬ સાંજના ૪/૪૫ વાગ્યાના સુમારે મકરબા ફાટકથી સરખેજ તરફના રેલવે ટ્રેકના પીલર નંબર– ૨૧/૩ તથા ૨૧/૪ કી.મી. ના થાંભલા વચ્ચે ટ્રેઇનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૦૯/૨૦૨૬**

શાહીબાગઃ વિષ્ણુભાઇ વિજયભાઇ ભીલ (ઉ.વ.૨૦) (રહે. લાખાકુંવરજીની ચાલી મોહનસિનેમા સર્કલ પાસે અસારવા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૬ કલાક ૪/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઇ ચલાવે છે.

નરોડાઃ અનિલભાઇ વિષ્ણુભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે. યમુના સોસાયટી ભાર્ગવ રોડ કુબેરનગર મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.૦૧/૦૧/૨૦૨૬ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા સાબરમતી ભાટ બ્રીજ નીચે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી